**RATILAL CHANDARIA**

23 Radnor Place, London W2 2TG
Phone : Office +44 207-723 2323 Residence : +44 207- 262 3329 Fax : +44 207-724 9297
E-Mail: rpchandaria@comcraft.com

12 Sudhakar, 26, Narayan Dabhokar Rd., Walkeshwar, Mumbai-400 006.
Phone: 2363 4867/2364 0724/2367 7293. Fax: 2367 1022 E-mail: comcraft@vsnl.com

# કૉમ્પ્યુટર ઉપર ગુજરાતી ભાષા તથા જોડણીનો શબ્દકોશ

(૧) પ્રાથમિક શિક્ષણ આફ્રિકામાં લીધુ. ત્યાં એક વિષય તરીકે નિશાળમાં જે રીતે ગુજરાતી શીખવવામાં આવતું હતું તે હું ત્યારે શીખ્યો.

(૨) ૧૯૪૦-૪૬નો લડાઇ દરમિયાનનો ગાળો મારે ભારતમાં ગાળવાનો થયો. તે અરસામાં એક જૂનું રેમિંગ્ટન ગુજરાતી ટાઇપ-રાઈટર વસાવ્યું તેમાં જેવું આવડે તેવું ગુજરાતી ટાઇપ કરતા શીખ્યો.

(૩) તે પછી તો આફ્રિકા પરત થઇ અમારા વ્યવસાયમાં ખૂંપી ગયો, કે જ્યાં અંગ્રેજીમાંજ વ્યવહાર થાય એટલે પછી તો અંગ્રેજીમાં જ ડિક્ટેશન સેક્રેટરીને આપવાનું રહેતું. એ કારણે ગુજરાતી ટાઇપ-રાઈટર વાપરવાનું તો એક બાજુએ રહ્યું પણ ગુજરાતી લખવાનો મહાવરો પણ ક્રમે ક્રમે ઓછો થતો ગયો. છતાં ગુજરાતી ભાષા પ્રત્યેની મમતા અને તેની અગત્યતા એવી ને એવી અડગ અને અટળ રહી.

(૪) જેમ ઉંમર વધતી ગઇ તેમ જતે દહાડે ફરીને ગુજરાતી લખવાની ઉત્કંઠા જાગી તેથી અવારનવાર ટાઇપ-રાઈટર વાપરવાનું થતું. તે અરસામાં જ મેન્યુઅલની જગ્યાએ ઈલેક્ટ્રિક ટાઇપ-રાઈટરો આવી ગયા હતા. મને મારી જાતે જ ગુજરાતી ટાઇપ-રાઈટર ઉપર ટપ ટપ કરવું અઘરું લાગતું એટલે ગુજરાતી મેન્યુઅલ ટાઇપ-રાઈટરને ઈલેક્ટ્રિક ટાઇપ-રાઈટરમાં ફેરવવા અંગેની શક્યતા તપાસી જોવાનું શરૂ કર્યું. પણ તે કાર્ય અશક્ય જણાયું. છતાં ટાઇપ-રાઈટર ઉપર સઘળા ગુજરાતી મૂળાક્ષરોનો સમાવેશ અશક્ય હોવા ઉપરાંત નામાંકિત ટાઇપ-રાઈટર બનાવતી કંપનીઓ સાથે ઈલેક્ટ્રિક ગુજરાતી ટાઇપ-રાઈટર બનાવવા માટેની વાટાઘાટો જારી રાખી જે બે વર્ષ ચાલી. અંતે તેમાં પણ સફળતા પ્રાપ્ત થઈ નહિ.

(૫) ત્યાં તો આઇ.બી.એમ.ના ગોલ્ફ બોલનો જમાનો શરૂ થયો. કોઈ કંપનીએ દેવનાગરી લિપિને ગોલ્ફ બોલ ઉપર ગોઠવી છે તેવા સમાચાર સાંપડયા. તેવા ગોલ્ફ બોલ ઉપર વધુ મૂળાક્ષરોનો સમાવેશ થઈ શકે તેમ હતું તેથી ગુજરાતીમાં ગોલ્ફ બોલ બનાવવા માટે આઇ.બી.એમ.નો સંપર્ક સાધ્યો. જો દસ હજાર ગોલ્ફ બોલ નો ઓર્ડર આપીએ તો તેઓ ગુજરાતી ગોલ્ફ બોલ બનાવવા કબૂલ થયા પણ તે ઉપરાંત તેનું મોંઘુ ટૂલિંગ કોસ્ટ આપણે ભોગવવાનું. એટલું મોટું જોખમ વહોરવું ત્યારે વાજબી ન લાગ્યું તેથી અંતે બધી મહેનત ઠપ્પ થઈ.

(૬) ગોલ્ફ બોલ પછી તુરત જ ડેઇઝી વ્હીલનો જમાનો શરૂ થયો ત્યારે ગુજરાતીમાં ડેઇઝી વ્હીલ બનાવવા અંગેના પ્રયાસો આદર્યાં. સ્વિડનની એક કંપની એ અંગે કંઈક પ્રયાસ કરવા કબૂલ થયા અને તે સાથેજ મેં એક જર્મન કંપનીને ડેઇઝી વ્હીલ બનાવી આપવા તૈયાર કરી પણ તેમને ગુજરાતી લિપિ અંગેની કંઈ જાણકારી ન હતી. તેથી ગુજરાતી મૂળાક્ષરોની ગ્રાફિક્સ ડિઝાઈનો બનાવી તેમને મોકલવી જરૂરી બની. તે પણ કર્યું. તેના ઉપરથી તેમણે મને એક ડેઇઝી વ્હીલ બનાવી આપ્યું પણ તે ‘સૌથી પહેલું અને છેલ્લું’ ડેઇઝી વ્હીલ મારી પાસે જ રહ્યું કારણ કે પેલી સ્વિડનની કંપનીને મારું એ ડેઇઝી વ્હીલ મોકલવાની તૈયારી કરતો હતો ત્યાં તો તે કંપની જ ફડચામાં ગઈ. તેમની મશીનરી કોઈ હિન્દની કંપનીએ ખરીદી લીધી અને તે કારખાનું હિન્દમાં સ્થાપવા માગે છે તેવી ઘણી જાહેરાતો વાંચી ત્યારે હિન્દ આવીને હું તેમને મળ્યો. તેમની પાસે ડેમોન્ટ્રેશન અર્થે દેવનાગરી ડેઇઝી વ્હીલ હતું ખરું પણ ગુજરાતી માટે તો ફક્ત વાતો જ રહી. ગમે તે કારણ હોય પણ પછી એવું સાંભળ્યું હતું કે કયાંક ગોટાળો થયો તેથી તે કારખાનું સ્થાપિત થયુંજ નહિ હોય.

(૭) તે પછી આવ્યો કૉમ્પ્યુટરનો જમાનો. કૉમ્પ્યુટરમાં ગ્રાફિક્સની સવલત સુંદર છે અને જુદી જુદી ભાષાના ફોન્ટસ તૈયાર થઈ રહ્યા હતા. તેથી એપલ મેકિનટોસ તથા હિન્દની આઈ.બી.એમ. અને બીજી બે કૉમ્પ્યુટરની કંપનીઓ અને નિષ્ણાતો સાથે વાટાઘાટો શરૂ કરી. આ અંગે કંઈક થઈ શકે તેવું છે તેમ જણાયું એટલે ખાસ તાતાને મળવા મુંબઈ આવ્યો. તેમણે આઈ.બી.એમ. ઉપર દેવનાગરીમાં જે કંઈ સંશોધન તેમણે કર્યું હતું તે બતાવ્યું પણ તેમનું 'વર્કિંગ મૉડલ' તેઓ ક્યારે બજારમાં મુકશે તે કંઈ નક્કી ન હતું. તે રીતનું જ ગુજરાતીમાં પણ તૈયાર કરી આપે તેનો આગ્રહ મેં રાખ્યો. વાટાઘાટો અને રિમાઈન્ડરમાં એકાદ વર્ષ ઉપર નીકળી ગયું. હિન્દમાં ન્યૂઝપેપરના કંપોઝિંગ અગર ટાઈપ સેટિંગ માટે લાઈનો ટાઈપ સિસ્ટમ્સનો ઉપયોગ થતો હતો તેથી તેવા મશીનોમાં સંપૂર્ણ ગુજરાતી મૂળાક્ષરો આવતા. લાઈનો ટાઈપનો સંપર્ક સાધ્યો પણ કૉમ્પ્યુટર માટે ગુજરાતી ફોન્ટસ બનાવવા તેઓ તૈયાર જ ન થયા. અંતે સરકારી કંપની સી.એમ.સી. એ દેવનાગરી અને ગુજરાતી કૉમ્પ્યુટરનું ડેમોન્ટ્રેશન ગોઠવ્યું તે મેં જોયું. સી.એમ.સી. પણ 'વર્કિંગ મૉડલ' ક્યારે બજારમાં મુકશે તે કંઈ નક્કી ન હતું. તેમની સાથે ઘણા સમય સુધી વાટાઘાટો ચાલી પણ અંતે કંઈ વળ્યું નહિ.

(૮) એ અરસામાં મારો ભત્રીજો અમેરિકાથી MBA કરીને લંડન પરત થયો તે એક એપલ મેકિનટોસ કૉમ્પ્યુટર તેની સાથે લાવ્યો હતો તે તેણે મને વાપરતા શીખવ્યું. હવે એપલ મેકિનટોસ કૉમ્પ્યુટર માટે કોઈ ગુજરાતી ફોન્ટસ બનાવી આપે તો તેની તપાસ ચાલુ કરી. હિન્દમાં તો ફક્ત વાતો જ થતી રહી, અમેરિકામાં પણ તપાસ ઘણી કરી અને અંતે પેરિસની એક ફ્રેન્ચ બહેને મને ગુજરાતી ફોન્ટસ બનાવી આપ્યા. ઘણાં વર્ષો પછી સફળતા પ્રાપ્ત થઈ તેથી આનંદ સાથે તે વાપરવું શરૂ કર્યું પણ સઘળા ગુજરાતી મૂળાક્ષરોના અભાવે થોડી મુશ્કેલી અનુભવતો હતો. ખૂટતા મૂળાક્ષરો તૈયાર કરવા માટે કહ્યું તો ભળતી જ કિંમત માંગી એટલે હું વિચારતો થયો કે હવે શું કરવું. એ સમયે જ મારું મુંબઈ આવવાનું થયું અને સંજોગોવશાત શ્રી ગુલાબદાસ બ્રોકરને મળ્યો ત્યારે તેમની સાથે મારી મુશ્કેલી અંગેની વાત કરી. તેમણે કહ્યું કે તમારી જેમ શ્રી મધૂરાઈ અમેરિકામાં પણ કંઈ કરી રહ્યાં છે. શ્રી મધૂરાઈનું સરનામું તથા ફોન નંબર મેળવી તેમનો સંપર્ક સાધ્યો ત્યારે સુખદ અનુભવ થયો કારણકે મારી મુશ્કેલીઓ હલ થઈ શકે તેવું જ તેઓ કરી રહ્યાં હતાં. તેમની પાસેથી ફોન્ટસ ખરીદ્યા ત્યારથી તેમણે ગોઠવેલા કી-બૉર્ડ પ્રમાણે જ મારું કામ આગળ વધારું છું.

(૯) જેમ જેમ કૉમ્પ્યુટર વાપરતો ગયો તેમતેમ મારા જેવા, ઓછું ગુજરાતી ભણેલાઓની જોડણી કેટલી અધૂરી છે તે અને કેટલી બધી ભૂલો સાધારણ રીતે કરીએ છીએ તેનો અનુભવ થતો રહ્યો. ગુજરાતીમાં સાધારણ રીતે આપણી ભૂલો 'ઈ', 'ઈ', 'રુ,' 'રૂ', 'રુ', ખ િ છ અને ખ ી છ ખ ુ છ અને ખ ૂ છ 'શ', 'સ', 'ષ' 'ઝ' 'ઝ' 'ઞ' 'દ' 'દ્દ' 'દ્દ', 'હુ' 'ઙ' 'હૃ', 'હ્મ' 'હ્મ' 'દ્ર', 'દ્વ', 'હ્વ', 'શ્વ', 'શ્ચ', 'શ્ર', 'શ્ન', 'હ્લ', 'હ્ન','હ્વ' વાપરવામાં જ વધારે થાય છે. તેથી કૉમ્પ્યુટર વાપરતી વખતે હંમેશ ગુજરાતી જોડણીકોશ તો બાજુમાં જ રાખવો પડે અને તે પછી પણ ટાઈપિંગ ભૂલો તો થતીજ રહે. અંગ્રેજી માટે આવી જોડણી ભૂલો સુધારવા માટે સ્પેલિંગ ચેકરની સુવિધા છે. આવું જ કંઈક ગુજરાતીમાં થઈ શકે તો કેવું સારું ? વિચાર તો ખૂબ સુંદર હતો પણ તેની સવલત કોણ કરી આપે?

(૧૦) મારા કી-બૉર્ડમાં હું ગુજરાતી ઉપર માઈક્રોસોફ્ટ વર્ડ વાપરું છું. માઈક્રોસોફ્ટ વર્ડના સ્પેલિંગ ચેકરનો ઉપયોગ કરી જોયો તો ગુજરાતી સ્પેલિંગ ચેકર બનાવી શકાય તેવું તારણ મળ્યું. માઈક્રોસોફ્ટ વર્ડ સ્પેલિંગ ચેકર વાપરતાં મુશ્કેલી તો એ હતી કે સ્પેલિંગ ચેકર ની ડિક્શનરીમાં આપણે જે શબ્દો ગોઠવ્યા હોય તે જ કૉમ્પ્યુટર ઉપર રોમન કેરેક્ટર્સ પણ ન સમજાય તેવી ભાષામાં આવે (દા.ત. 'વાપરું 'નું 'વાપરે' વંચાય) એટલે રોમન કેરેક્ટર્સને બદલે શબ્દો જો ગુજરાતીમાં જ આવે તો જ એ કામનું. બસ તપાસ ચાલુ થઈ અને કેટલાયે કાગળો અને નિષ્ણાતો સાથે વાર્તાલાપો થયા. એપલ મેકિનટોસ તથા માઈક્રોસોફ્ટ કોર્પોરેશન સાથે વાટાઘ ટો શરૂ થઈ. વધારામાં આ બાબત કોઈ મદદ કરી શકે તે અર્થે એપલ વર્ડ, એપલ યુઝર્સ વિગેરે મૅગેઝિનમાં લેખો લખ્યા. કેટલીયે યુનિવર્સિટીના હિન્દની ભાષામાં રસ લેનારા પ્રૉફેસરોનો પણ સંપર્ક સાધ્યો. છતાં સરવાળે મીંડું જ.

(૧૧) એટલામાં એપલ મેકિનટોસના એક પ્રદર્શનમાં એક ફ્રેન્ચ નિષ્ણાત સાથે ઓળખાણ થઈ. તેઓએ ઍરેબિકમાં

એવો પ્રયાસ કરેલો. મેં તેમને તેવું જ કંઈક ગુજરાતી માટે બનાવી આપે તેવી વિનંતી કરી. તેઓ કબૂલ થયા, અૅરેબિકની એક ફ્લૉપી તેમણે મને મોકલી જેના આધારે મેં ગુજરાતી માટેનો અખતરો કરી જોયો જે સફળ થયો. મેં સૂચવેલ ગુજરાતી માટેનો પ્રોગ્રામ બનાવડાવવા તેમની સાથે છ મહિના ફૉન, ફૅક્સ અને પત્રવ્યવહાર ચાલુ રાખ્યો. અહીં પણ પરિણામ શૂન્ય જ આવ્યું. છતાં ગુજરાતીમાં એવું બની શકે છે તે મારા માટે અતિ આનંદની વાત હતી અને તે જાણ્યા પછી મારો એપલ મેકિનટોસ સાથે નવ મહિના ઉપરનો પત્રવ્યવહાર ચાલતો રહ્યો. એ અરસામાં જ મારે અમેરિકા જવાનું થયું તેથી હું ખાસ એપલ મેકિનટોસને મળવા કુપરટીનો ગયો. મુલાકાત ગોઠવવા પહેલા મેં ફોનથી સંપર્ક સાધ્યો તો હું રજિસ્ટર્ડ સૉફ્ટવેર ડેવલપર ન હોવાને કારણે તેઓ ટેકનીક્લી મારી સાથે કોઈ વાર્તાલાપ કરવા તૈયાર ન હતા. હું તેમને ખાસ કુપરટીનો મળવા જ ગયો હતો અને આટલી મહેનત પછી તેમને મળાય નહિ તેથી દુઃખ તો સહેજે થયું પણ આ બાજીમાં હવે તો 'પગડે ઘા'જ નાખવાનો બાકી હતો એટલે હિંમત હાર્યા વગર સીધો જ તેમની ઑફિસે પહોંચ્યો. તેમના રિસેપ્શન રૂમમાં મારા કાર્ય અંગે ફરીને વાત કરી તો તેમણે પરબારો મને ટેલિફોન પકડાવી દીધો અને અંતમાં ફરીને ઉપર લખેલી કથા પ્રમાણે જ જવાબ મળ્યો. તેમની 'ના એટલે ના'. હું અને મારો નાનો ભાઈ ખૂબ નાસીપાસ થઈ પાછા સાન ફ્રાન્સિસ્કો જવા કારમાં ગોઠવાયા અને કાર શરૂ કરી ત્યાં મને થયું કે હવે ઘરઆંગણે જ આવી ગયા છીએ તો ખાલી હાથે પાછા તો જવું જ નથી. ફરીને રિસેપ્શનમાં દાખલ થયા અને એપલમાં કામ કરતાં કોઈ ગુજરાતીનું નામ મળે તો તેમનો સંપર્ક સાધી જોઈએ એ ગણતરીએ તેમની ટેલિફોન ડિરેક્ટરી માંગી. તેમાં જોયું તો ઘણા ગુજરાતીઓના નામો હતા. ગુજરાતી નામ ગોતી એક બહેનનો ફોન જોડયો અને અમારે કુપરટીનો આવવા પાછળનું પ્રયોજન તેમને સમજાવ્યું. મારી બધી વાત સાંભળી તેમણે મને કહ્યું કે રતિભાઈ તમે તમારો સમય ફોગટનો બગાડો છો. મને નથી લાગતું કે એપલમાં તમને મદદ કરવા કોઈ તૈયાર થાય. તેમનો ફોન મૂકી બીજી બેનનો સંપર્ક સાધ્યો ત્યારે તેમની સાથેની મારી વાતનો દોર મેં બદલ્યો. મેં તેમને પૂછયું કે તેઓ કેટલા વર્ષથી આ દેશમાં રહે છે, બાલબચ્ચાને ગુજરાતી લખતા બોલતા આવડે છે કે કેમ? મારા બધાં સવાલોના જવાબો આપતા તેમણે મને સામો પ્રશ્ન કર્યો કે આવું બધું તેમને હું શા માટે પૂછું છું? મેં એમને કહ્યું કે મારા બાળકો અને બાળકોના બાળકો ઘરમાં ગુજરાતી બોલે છે પણ કોઈને લખતા વાંચતા આવડતું નથી. આ પ્રશ્ન પરદેશમાં દરેક ગુજરાતી મા-બાપને સતાવતો હોય છે એટલે આવતી કાલની પેઢીને ગુજરાતી કેમ શીખવવું અને તેમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા અંગે હું જે કંઈ કરી રહ્યો હતો તેનું ભાષણ મેં કર્યું. હું કયાંથી વાત કરું છું તે તેમણે મને પૂછયું એટલે મેં કહ્યું કે એપલ મેકિનટોસના રિસેપ્શનમાંથી જ વાત કરું છું. તરત જ તેઓ નીચે મળવા આવ્યા અને મારી સાથે કૉફી પીતા નિરાંતે સઘળી વાત સાંભળી. તેમણે કહ્યું કે તેમના લેંગ્વેજ અને સ્ક્રીપ્ટ ડિપાર્ટમેન્ટના નિષ્ણાત અવારનવાર હિન્દી કે ગુજરાતી માટે તેમને કંઈ ને કંઈ પૂછતા રહે છે કારણકે તે સમયે એપલ મેકિનટોસ જુદી જુદી ભાષાઓ માટેની એક નવી સ્ક્રીપ્ટ લેંગ્વેજ તૈયાર કરી રહ્યાં હતાં. હું જે કરી રહ્યો હતો તે અંગે તેઓ તેમના નિષ્ણાત સાથે વાત કરશે તેમ નક્કી થયું એટલે મેં એ નિષ્ણાત સાથે મારી મુલાકાત ગોઠવી આપવાની તેમને વિનંતી કરી તે તેમણે કબૂલી. મારે સાન ફ્રાન્સિસ્કોથી તેમને ફૉન કરવાનું નક્કી થયું. બે-ત્રણ ફૉન કર્યા પછી એ નિષ્ણાત સાથે મારી પંદર મિનિટની મુલાકાત ગોઠવાઈ ગઈ. તે પ્રમાણે ફરીને હું ટોરન્ટોથી કુપરટીનો ગયો. એ નિષ્ણાતને મારા કાર્યમાં રસ જાગ્યો અને પંદર મિનિટને બદલે અમે અઢી કલાક સાથે ગાળ્યા. મારા કી-બૉર્ડની ગોઠવણી જોઈ તેઓ ખૂબ પ્રભાવિત થયા અને મને કહ્યું કે તેમણે જોયેલા જુદા જુદા ગુજરાતી કી-બૉર્ડમાં સૌથી સરળ, પ્રેક્ટિકલ અને ઉપયોગી કી-બૉર્ડ હોય તો તેમને મેં જે બતાવ્યું તે હતું. આ સંદર્ભમાં તેઓ શું કરી રહ્યાં છે એ બધું તેમણે મને સમજાવ્યું. મને આશા પ્રગટી કે આ મારા સ્પેલિંગ ચેકરનું ચોક્કસ ગોઠવાઈ જશે. પણ તેને બદલે તેમણે સૂચવેલા બે-ચાર જુદા જુદા સોફ્ટવેર ખરીદી મારી જાતે જ અખતરો કરવાની સલાહ આપી. ચાલો જે થયું તે સારું એમ માની તેમણે દર્શાવેલા સોફ્ટવેર ખરીદવા ગામમાં ગયા. નસીબજોગે જેમની દુકાને ગયા તેઓ પણ ગુજરાતી નીકળ્યા. તેમણે મને પૂછયું કે આટલા મોંઘા સોફ્ટવેર શા માટે જોઈએ છે? મેં મારી મુશ્કેલી તેમને કહી તો તેમણે કહ્યું કે તમારા જેવા જ એક ભાઈએ ગુજરાતી અંગે કામ કર્યું છે તો તેમને મળવાનું કહ્યું. મેં તેમનું નામ સરનામું માંગ્યું તો કહે કે 'મારે શોધવું પડશે અને અત્યારે તો હું કામમાં છું તેથી મને ફૉન કરજો.' ત્રણ-

ચાર વખત ફૉન કર્યાં પણ ત્યાં સુધી તેઓએ નામ સરનામું શોધી કાઢયું ન હતું. આ કાર્ય પાછળ ઘણા દિવસનું મારું કૅલિફોર્નિયામાં રોકાણ થઈ ગયું હતું તેથી અંતે હું ટોરોન્ટો પરત થયો અને ત્યાંથી પણ તેમને હું ફોન કરતો રહ્યો ત્યારે બોસ્ટનમાં રહેતા એક ગુજરાતી ભાઈનું નામ તેમની પાસેથી મેળવ્યું. બોસ્ટનની બાજુમાં જ ત્રણેક અઠવાડિયા રહ્યો હતો એટલે સહેજે મને થયું કે આ નામ સરનામું થોડું વહેલું મળ્યું હોત તો કેવું સારું થયું હોત. એ નામ સરનામું મળતાં જ હું અને મારો ભાઈ ટોરોન્ટોથી કાર હંકારી બોસ્ટન પહોંચ્યા. એ ભાઈને બધી વાત કરી તો કહે કે એ કામ થઈ શકે તેવું છે પણ તેમની પાસે સમય નથી. હું દસેક હજાર ડૉલર રોકું તો તેઓ બહારના માણસને એ કામ પાછળ રોકી મને મદદ કરવા તૈયાર થાય.

(૧૨) શ્રી ગુલાબદાસ બ્રોકરના વેવાઈ અને અમારા પણ વેવાઈ શ્રી કમલાકાંત જોશીને મારા આ શોખ અને કાર્ય અંગેની માહિતી આપતો રહેતો હતો. તેમણે કોઈ ન્યૂઝપેપરમાં વાંચ્યું કે પૂનાના બે જુવાનોએ હિન્દી સ્પેલિંગ ચેકર બનાવ્યું છે. તે વિગત તેમણે મને ફૅક્સ દ્વારા પાઠવી. લંડનથી મેં તરત જ તેમનો સંપર્ક સાધ્યો અને પછી તેમને ખાસ મળવા પૂના ગયો. તેમને મળીને ખૂબ આનંદ થયો. તેઓ સુંદર કામ કરી રહ્યાં હતાં. હિન્દી સ્પેલિંગ ચેકરની તેમણે શરૂઆત કરી હતી પણ મારા આગ્રહથી ગુજરાતી માટેનો નમૂનો પણ મારા માટે બનાવી મને બતાવ્યો. બસ મારું કામ મેં તેમને સોંપ્યું. પણ સ્પેલિંગ ચેકર માટે તો ઘણા બધા શબ્દો કૉમ્પ્યુટરમાં ગોઠવવા જોઈએ. એ બધું કરવાનો તેમની પાસે સમય ન હતો પણ જો શબ્દો કોઈ ટાઈપ કરી આપે તો કામ આગળ વધારવા તેઓ તૈયાર હતા.

(૧૩) મુંબઈમાં ટાઈપ કંપોઝરો સાથે એ અંગે તપાસ કરી. હિન્દમાં જુદી જુદી ભાષાના અને દરેકના જુદા જુદા <u>કી-બૉર્ડસ</u> હોય છે અને તેમાંયે ગુજરાતી માટે તો જુદા જુદા નિષ્ણાતોએ, તેમની અનુકૂળતા પ્રમાણે, તે તૈયાર કર્યા છે તેથી કોઈ સ્ટાન્ડર્ડ ડિસ્ક ગુજરાતી <u>કી-બૉર્ડ</u> નથી. સાધારણ રીતે ન્યૂઝપેપર, મૅગેઝિન અગર પુસ્તકોનું કંપોઝિંગ અગર ટાઈપસેટિંગ માટે <u>લાઈનો ટાઈપ સિસ્ટમ</u>નો ઉપયોગ થતો હોય છે એટલે કોઈ નવા <u>કી-બૉર્ડ</u> ઉપર કામ કરવામાં થોડું નવું શીખવું પડે અને તેવી તૈયારીના અભાવે મારા <u>કી-બૉર્ડ</u> ઉપર કોઈ કામ કરવા તૈયાર ન થયું. અંતે 'આપ મુવે જ સ્વર્ગે જવાય' એમ મારે જ એ કામ શરૂ કરવું પડયું. અત્યાર સુધીનું મારું જે કામ મેં મારા કૉમ્પ્યુટરમાં સાચવી રાખ્યું હતું તેના શબ્દો જુદા પાડી સઘળા ભેળા કર્યા. પછી તેમાં જોડણી ભૂલો નિષ્ણાતો પાસે સુધારી અને આ નવા સ્પેલિંગ ચેકરમાં ગોઠવ્યા. કલેટ કરતાં કૉમ્પ્યુટરનું મધર બૉર્ડ ઉપર ગજા ઉપરાંતનો બોજો આવતાં તે બળી ગયું. નવું વસાવી કામ ચાલુ રાખ્યું અને એમ કરતાં ૮૦૦૦ શબ્દો થયા પણ એવો અધૂરો શબ્દકોશ કોઈ કામનો નહિ એટલે ગુજરાતી ભાષાના બાકીના ખૂટતા શબ્દો જાતે જ ગોઠવવાનું કામ અધૂરૂં જ રહ્યું.

(૧૪) એક નામાંકિત ન્યૂઝપેપરના બે ભાઈઓએ પાર્ટટાઈમ કામ કરવાનું કબૂલ્યું તેથી તે કામ ફરીને આગળ ચાલ્યું. સૌ પ્રથમ ગાંધીજીનો 'ખિસ્સાકોશ' અને તે પછી 'સાર્થ ગુજરાતી કોશ' હાથમાં લીધો. પણ કામ ઘણી ધીમી ગતિએ થતું એટલે મારા સેક્રેટરી, બે ડ્રાઈવરો અને બીજા માણસો પણ એ કામમાં મદદે લાગી ગયા. પછી એક બહેન પણ શીખવા માટે આ કામમાં જોડાયા.

(૧૫) આ ઝડપ વધારવા માટે મુંબઈમાં પ્રસિદ્ધ થતાં ન્યૂઝપેપર કે સામયિકો, જેઓ કૉમ્પ્યુટર ઉપર ટાઈપસેટિંગ કરતાં હોય અગર કરાવતા હોય તેમની શોધ શરૂ થઈ. ચિત્રલેખા <u>એપલ મેકિનટોસ</u> ઉપર જ પોતાનું લખાણ કંપોઝ કરે છે તેવું સાંભળ્યું. તેમનું કંપોઝ કરેલું જૂનું મટીરિયલ હું મેળવી શકું તે ઈચ્છાએ તેમને મળવા ગયો. શરૂઆતમાં સંતોષકારક પ્રતિસાદ ન સાંપડયો પણ રોહિત પેપર મિલ્સવાળા શ્રી જયરામભાઈ પટેલને આ મુશ્કેલીની વાત કરી તો તેમણે શ્રી સુરેશ દલાલ અને શ્રી હરકિશન મહેતા સાથે મારી બેઠક ગોઠવી. મેં તેમને મારી સઘળી જરૂરિયાતો સમજાવી અને તેમણે શ્રી મધુ કોટકને એ વાત કરી. તેથી મારે મધુભાઈને મળવાનું થયું. તેમને મેં બધું સમજાવ્યું તેથી પ્રભાવિત થઈ મને ચિત્રલેખાનું જૂનું મટીરિયલ આપ્યું. તે અમારા <u>કી-બૉર્ડ</u> ઉપર ટ્રાન્સફર કરવાનું પૂનાના એ ભાઈઓએ ખોળી કાઢયું એટલે ચિત્રલેખાના શબ્દો આવતાં જ અમારા સ્પેલિંગ ચેકરમાં શબ્દો વધવા માંડયાં. પણ જતે દહાડે ચિત્રલેખાનું જૂનું મટીરિયલ મળવાનું બંધ થયું એટલે

છેવટે ‘બૃહદ્ ગુજરાતી કોશ’ ઉપરથી ખૂટતા શબ્દો ઉમેરવાનું ચાલુ કર્યું. પણ તે કામ દાદ માંગી લે તેવું હતું. ફોટો ટાઈપસેટિંગ પદ્ધતિ દ્વારા મુંબઈમાં ગુજરાતી શબ્દકોશ જેઓ પ્રસિદ્ધ કરે છે તેમની પાસેથી તેમનું કંપોઝ કરેલું મટીરિયલ મેળવી શકાય તો ઉપર વર્ણવ્યા પ્રમાણે ઝડપથી આ કામ આગળ વધે એમ વિચારી શબ્દકોશ પ્રસિદ્ધ કરતી કંપનીઓનો ફોન દ્વારા સંપર્ક સાધ્યો ત્યારે પ્રથમ તો જવાબ મળ્યો કે મુંબઈમાં આવા કામમાં ગુજરાતીઓને રસ નથી. નાસીપાસ ન થતાં મિત્રો મારફતે મુલાકાત ગોઠવી એકાદ બે કંપનીને મળ્યો પણ કોઈ કંપની પોતાનું કંપોઝ કરેલું મટીરિયલ સાચવતી નથી એવો અનુભવ થયો.

(૧૬) ગોકળ ગાયની ઝડપે પણ હવે અમારું ૯૦%નું કામ થઈ ગયું છે અને અંદાજે ૨,૫૦,૦૦૦ શબ્દો તૈયાર થયા છે. પણ જોડણી ભૂલો સુધારવાનું કામ હજુ બાકી છે. આ સ્પેલિંગ ચેકર તૈયાર થશે ત્યારે મારા જેવા બીજાઓ જેમને ગુજરાતી કૉમ્પ્યુટર વાપરવાનું ફાવે છે અગર વાપરવા ઈચ્છીત છે તેમને માટે આ સઘળું આશીર્વાદરૂપ નિવડશે.

(૧૭) છેલ્લે છેલ્લે મને એવું પણ થાય છે કે જો ગુજરાતીને ટ્રાન્સલિટરેટેડ રોમન કેરેક્ટર્સમાં મૂકી શકાય તો ભવિષ્યના ગુજરાતી બોલતાં બાળકો આ ટ્રાન્સલિરેટેડ રોમનાઈઝ્ડ ગુજરાતી વાંચી શકે અને તેમની ગુજરાતી શીખવાની ઈંતેજારી વધારી શકાય. તેથી ટોરોન્ટો હતો ત્યારે મદદ મેળવવા ત્યાંની યુનિવર્સિટીના હિન્દી પ્રૉફેસરનો સંપર્ક સાધ્યો અને તેમના મારફતે એક કૉમ્પ્યુટરના રસિયા ૭૮ વર્ષના બૂઝુર્ગનો સંપર્ક થયો. તેમને મળવા હું ફરીને કુપરટીનો ગયો. તેમણે અખતરા માટે ગુજરાતી ટ્રાન્સલિટરેશન અંગેનો એક પ્રોગ્રામ તો મને બનાવી આપ્યો પણ ગુજરાતી ભાષામાં વપરાતા હ્રસ્વ ઈ ( િ) અને દીર્ઘ ઈ ( ી)ની મુશ્કેલી નડી. તેથી સરળ ટ્રાન્સલિરેટેડ રોમનાઈઝ્ડ વાંચવાની અનુકૂળતાને સાચવવી અઘરી જણાઈ. ગુજરાતીમાં લખ્યા પછી તેના ફોન્ટ્સને ટ્રાન્સલિરેટેડ રોમનાઈઝ્ડ ગુજરાતીમાં બદલાવી શકાય એવું તેમ હું ઈચ્છતો હતો પણ એ કામ અત્યારે તો લગભગ અશક્ય જ જણાય છે. તેમ છતાં પ્રયાસો ચાલુ છે. ક્યારેક રસ્તો નીકળશે જ.

(૧૮) ટોરોન્ટોમાં હિન્દના એક કૉન્સલે હિન્દની જુદી જુદી દરેક ભાષા માટે વાપરી શકાય તેવું એક આખી નવી જ ટ્રાન્સલિરેટેડ રોમનાઈઝ્ડ સિસ્ટમ અંગેનું સંશોધન કર્યું છે પણ તેમની એ શાધ તો વિશ્વમાં ટ્રાન્સલિટરેશન વર્ક માટે અઢારમી સદીથી જે પદ્ધતિ અખત્યાર થઈ છે અને જેનો ઉપયોગ બહુધા થઈ રહ્યો છે તેની જગ્યાએ આ નવી ટ્રાન્સલિરેટેડ રોમનાઈઝ્ડ સિસ્ટમને ઉપયોગમાં લેવાનું શરૂ થાય તો જ તે કામનું થાય. અત્યારે તો ટ્રાન્સલિટરેશન વર્ક મેન્યુઅલી જ કરવું પડે છે. પણ મને ખાતરી છે કે જે રીતે હું વિચારી રહ્યો છું તે રીતે ફોન્ટસ બદલાવતા ચાલુ ગુજરાતીને ટ્રાન્સલિટરેટેડ રોમનાઈઝ્ડ ગુજરાતીમાં ફેરવી લીધા પછી તે વાંચતી વખતે જ તેમાંની ભૂલોને મેન્યુઅલી સુધારી લેવાય તો સમયનો ઘણો બચાવ થઈ શકશે.

(૧૯) આ કામ પૂરું થવા આવ્યું છે તેથી હવે ઈંગ્લિશ ટુ ગુજરાતી શબ્દકોશ તૈયાર કરવા હાથમાં લીધો છે કારણકે પરદેશમાં રહેનારા ગુજરાતીઓના મનમાં પહેલો ઈંગ્લિશ શબ્દ આવે છે એટલે આવો ઈંગ્લિશ ટુ ગુજરાતી શબ્દકોશ ખૂબ જ જરૂરી છે.

(૨૦) ઈસ્ટ અને સૅન્ટ્રલ આફ્રિકા, ઈંગ્લૅન્ડ, યુરોપ, અમેરિકા, કૅનેડા, ફિજી, માડાગાસકર, દક્ષિણ આફ્રિકા, સિંગાપોર, મલયેશિયા, હૉંગકૉંગ અને દૂર પૂર્વના દેશોમાં વંશપરંપરાગત વસવાટ કરી રહેલા ગુજરાતીઓની ગુજરાતી ભાષા જાળવવાની વાત તો એક બાજુએ મૂકીએ તો પણ હવે તો હિન્દભરના ગુજરાતીઓ અને તેમાંય ગુજરાત અને મુંબઈના ગુજરાતીઓની ભાષા અંગેની હાલત તો એ પરદેશના ગુજરાતીઓથી પણ બૂરી છે. આ દિશામાં શું કરવું જોઈએ? બાળકો જ્યારે પ્રાથમિક કક્ષાએ ભણતા હોય ત્યારે તેમને ઈતર ભાષામાં અભ્યાસ કરવાનો યોગ બહુધા હોય છે. જ્યારે તેઓ બાર વર્ષની ઉંમર વટાવી જાય છે અને કંઈક સમજણા થાય છે ત્યારે તેમને તેમની માતૃભાષા પ્રત્યે કંઈક પ્રેમ અને લાગણી ઉત્પન્ન થાય છે. પણ એ ઉંમરે તેમને કક્કા બારાખડી ઘૂંટવાનું અસંભવ ભાસે છે. પણ નાની અવસ્થામાં જ તેઓ કૉમ્પ્યુટર વાપરતા તો થઈ જાય છે. હવે તો ત્રણ વર્ષના ભૂલકાઓ પણ કૉમ્પ્યુટરનો ઉપયોગ કરતા થઈ ગયા છે. માતૃભાષા માટેની તેમની જન્મેલી જિજ્ઞાસાને સંતોષવી હોય તો તેમને કૉમ્પ્યુટર માધ્યમ મારફતે તેઓ

ગુજરાતી શીખી શકે તેવુંજ કંઈ તેમને આપીએ તો ઉલ્લાસભેર તેઓ માતૃભાષા શીખતા થઈ જાય. એજ લગની હૃદયના ઊંડાણમાં રહી છે.

(૨૧) અત્યાર સુધી જે કામ થયું છે તે નીચે પ્રમાણે છે

i). અધ્યાપક કેશવરાય કા. શાસ્ત્રી રચિત ‘બૃહદ્ ગુજરાતી’ના બધા મૂળ શબ્દો તો હવે નજીકમાં ગોઠવાઈ જશે. પણ આટલી જહેમતથી જે કામ કર્યું છે તેમાં જો શબ્દો સાથે શબ્દાર્થ પણ ઉમેરી શકાય તો સોનામા સુગંધ ભળ્યા જેવું થાય અને તેવો આખો શબ્દકોશ કૉમ્પ્યુટર ઉપર હોય તો તેના વપરાશ અંગે ખૂબ સવલત રહે. દેશ પરદેશની યુનિવર્સિટી અને કોલેજો અને ગુજરાતી સિવાયની ઈતર પ્રજા અને પરદેશીઓ પણ તેનો સંપૂર્ણ લાભ સહેલાઈથી લઈ શકે.

બ). ઈંગ્લિશ ટુ ગુજરાતી શબ્દકોશ હાથમાં લીધા પછી ગુજરાતી થિસોરસ તૈયાર કરવાની શરૂઆત કરી છે.

(૨૨) જો આજની ચાલુ પરિસ્થિતિને જ આપણે વળગી રહીશું તો સંભવ છે કે આવતા પચાસ વર્ષમાં પરદેશના ગુજરાતીઓ તથા હિન્દના અંગ્રેજી શોખીન ગુજરાતીઓની પ્રજા સદંતર માતૃભાષા વિહોણી થઈ જશે.

(૨૩) આ આખા કાર્યક્રમ પાછળ મારી ઉમીદ તો ફક્ત ભવિષ્યની ગુજરાતી પેઢી માટે કંઈક કરવાની જ છે. મેં આ કામ પાછળ લગભગ પંદર વર્ષનો સમય ગાળ્યો છે. આ સ્પેલિંગ ચેકર પાછળ જ ચાર વર્ષ તો થયા. ૭૫ વર્ષની આરે આવતાં હવે આ કામ ચાલુ રાખવાની ધીરજ ખૂટતી રહી છે અને અઘરું જણાય છે. પણ એક વાત નિશ્ચિત છે કે નવી પેઢીની રુચિ ગુજરાતી તરફ કેળવવી હોય તો કૉમ્પ્યુટર કે જેમાં શબ્દકોશ અને ઑટોમેટિક જોડણી સુધારવાની વ્યવસ્થા હોય તે દ્વારા જ શક્ય છે. આ કાર્ય સંપૂર્ણ થાય તો આવતી કાલના ગુજરાતીઓ ગૌરવ સાથે ગુજરાતી શીખી શકશે.

(૨૪) શબ્દકોશ અને જોડણી સુધારવાના આ પ્રયાસો સફળ થાય તે દરમિયાન મારા આ નોંધની જોડણી સુધારી આપવા બદલ પ્રા. બકુલ રાવલનો હું ઋણી છું.

રતિલાલ ચંદરયા

મુંબઈ તા.૨૫.૪.૧૯૯૬

**ઉપરની યાદી પછી તા. ૨૪.૭.૨૦૦૨ સુધીમાં નીચે પ્રમાણે કામ થયું:**

(૨૫) સ્પેલિંગ ચેકરમાં આશરે ૨,૫૦,૦૦૦ શબ્દો ડેટામાં ગોઠવાઈ ગયા છે.

(૨૬) ઈંગ્લિશ ટુ ગુજરાતી, ગુજરાતી ટુ ઈંગ્લિશ અને ગુજરાતી ટુ ગુજરાતી ડિક્શનરીનું ટાઈપિંગ કરવાનું કામ બહાર કરાવવું જરૂરી બન્યું. એપલ મેકિનટોસની એ કામ કરનાર પાસે સવલત ન હતી તેથી તે સઘળું કામ આઇ.બી.એમ. ઉપર કરવાનું થયું. આઇ.બી.એમ.ઉપર થયા પછી તેને એપલ મેકિનટોસના કી-બોર્ડ ઉપર અને નવી આવતી રહેતી સિસ્ટમમાં ટ્રાન્સફર કરવામાં ઘણી ભૂલો થતી હતી. તેથી એ સઘળું કામ, શબ્દે શબ્દ, ફરીને અમારા મશીન ઉપર બે વ્યક્તિઓ દ્વારા સુધારવાનું થયું. આમ સરવાળે બહાર કામ કરાવા જતા સમય, શક્તિ અને નાણાંનો ખોટો વ્યય થયો.

(૨૭) ઈંગ્લિશ ટુ ગુજરાતી ડિક્શનરીનું કામ પણ સંપૂર્ણ થયું છે.

(૨૮) આ ત્રણે ડિક્શનરીમાં ટાઈપિંગ ભૂલો હવે સુધારવી બાકી છે. કોઈ સુધારનાર નિષ્ણાંત કે પ્રૂફ-રિડર શોધી થોડા સમયમાં તે કામ સંપૂર્ણ કરીશું.

(૨૯) ગુજરાતી થિસોરસનું ૭૦ ટકા કામ થઈ ગયું છે પણ ઉપરના કામ પૂર્ણ થયા બાદ જ તે હાથમાં લેવાશે.

(૩૦) આ સઘળું કામ ચાલુ છે તે અરસામાંજ આ વર્ષની શરૂઆતમાં ગુજરાતી ભાષાશુદ્ધિ અભિયાન, વડનગર અને ગુજરાતી જોડણી મંચ, મુંબઈ તથા અનેક વિદ્વાનોના સાનિધ્યમાં એક ‘જોડણી સુધાર’ અંગેની પરિષદ મળી. ત્યાં

ગુજરાતી ભાષામાં ફક્ત એકજ 'ઈ અને ઉ' વાપરવાનો નિર્ણય લેવાયો છે તેવા સમાચાર સાંપડ્યા કે તુરતજ શ્રી રામજીભાઈ પટેલ, ઉત્તમ ગજ્જર, ઉર્મી દેસાઈ અને ગુલાબ ભેડાનો સંપર્ક સાધ્યો અને તેમણે પ્રસિદ્ધ કરેલી અનેક પુસ્તિકાઓ વાંચી ગયો. તેમના આ કામથી હું ખૂબ પ્રભાવિત થયો. મને થયું કે તેમણે અપનાવેલ અભિગમ જો પ્રજા અને સરકાર સ્વીકારી લીયે તો આવતી કાલની પ્રજા ઉપરનો આ જોડણી અંગેનો જબરદસ્ત બોજો હળવો થઈ શકે.

(૩૧) ભાષાશુદ્ધિ અભિયાન અને જોડણી મંચ દ્વારા અનેક વિદ્વાનો સાથે મારો એક સાવ નવો સ્નેહ બંધાયો અને તેઓ સૌ સાથે હું પણ તેમના આ કામમાં જોડાયો. તેમણે અપનાવેલા અભિગમ પ્રમાણે ઉપર લખેલ જૂની જોડણીની ડિક્શનરી સાથે નવી જોડણી પ્રમાણે એ સઘળી ડિક્શનરીનું રૂપાંતર પણ કરી કોમ્પેક્ટ ડિસ્ક ઉપર લઈશું.

(૩૨) ઈન્ટરનેટ ઉપર નેટ્સકેપ દ્વારા પી.ડી.એફ. અગર એટેચમેન્ટ તરીકે ગુજરાતીમાં ઈ-મેઈલ હવે જાય છે. બંને બાજુએ એપલ મેકિનટોસ હોય તો પરબારું ટ્રાન્સફર કરી એડિટ કરી શકાય છે.

રતિલાલ ચંદરયા,
ટોરૉન્ટોઃ તા. ૨૦.૮.૨૦૦૨

**ડિસેમ્બર ૨૦૦૪ના અંતકાળમાં નીચેની નોંધ ટપકાવી છેઃ**

(૩૩) ઉપરની નોંધ લખ્યા પછી એક નવું પ્રકરણ શરૂ થયું. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી- વડોદરાને, દિલ્હી સ્થિત મિનિસ્ટ્રિ ઑફ કૉમ્યુનિકેશન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ગર્વમેન્ટ ઑફ ઈન્ડિયા પાસેથી હિન્દુસ્તાનની દરેક ભાષાને ડિજિટાઈઝ્ડ કરી યુનિકોડમાં ગોઠવવાની સવલત ઊભી કરવા માટેનું જબરજસ્ત આયોજન હાથ ધર્યું. તેમના આ અભિગમમાં ગુજરાતી અંગે અનેક કાર્યક્રમો શરૂ કરવા માટે મોટું ભંડોળ સયાજીરાવ યુનિવર્સિટીને અપાયું, જેમાં ગુજરાતી ડિક્શનરી, સ્પેલ ચેકર, ઓપ્ટિકલ કેરેક્ટર રેકેગ્નિઝન અને અન્ય પ્રોગ્રામો તૈયાર કરવાનું કામ સોંપાયું.

(૩૪) ક્યાંકથી યુનિવર્સિટીને ભાળ મળી હશે કે હું આવું કાંઈક કામ કરી રહ્યો છું તેથી તેઓ મારો સંપર્ક સાધી રહ્યા હતા. અંતે તેમણે મારું નામ મોન્ટ્રિયલ સ્થિત શ્રી કુમાર માલદે મારફ્તે મેળવ્યું અને ઈન્ટરનેટ ઉપર શ્રી મીહીર ત્રિવેદીએ મારો સંપર્ક સાધ્યો અને તેમના કામમાં મદદ કરવા વિનંતી કરી જે મેં હર્ષથી વધાવી.

(૩૫) તેમના કાર્યને સમજવા માટે મારી જાતે હું, શ્રી ઉત્તમ ગજ્જર અને સ્વામી પ્રેમ આસંગ વડોદરા ગયા જ્યાં અમે પ્રો. સિતાંશું મહેતા અને તેમના સાથીઓ સાથે ચર્ચા-વિચારણા કરી અને તેમના કાર્યને બિરદાવવા મેં મારા સઘળા ડેટા તેમના ઉપયોગ અર્થે આપવાનું કબૂલ્યું. એ અંગે મારી એટલીજ શર્ત હતી કે અત્યાર સુધીમાં મારું જે કામ થયું છે તેને જોઈ તપાસી સુધારી લેવું અને મારા એપલ મેક ઉપર તૈયાર થયેલા ડેટાને આઈ.બી.એમ./પી.સી.માં ફેરવી યુનિકોડમાં ગોઠવવા અને મારા સઘળા ડેટાના ઉપક્રમે તેઓ જે કાંઈ પ્રોગ્રામો તૈયાર કરે તે વિના શુલ્ક વિશ્વના સમસ્ત ગુજરાતી ચાહનારી પ્રજાને ઈન્ટરનેટ દ્વારા ઉપલબ્ધ થાય. એ સઘળી વાટાઘાટોનું એક મેમોરેન્ડમ ઑફ અન્ડર સ્ટેન્ડિંગ તૈયાર કર્યું જેની મંજૂરી તેમણે દિલ્હી સ્થિત મિનિસ્ટ્રિ ઑફ કૉમ્યુનિકેશન્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ગર્વમેન્ટ ઑફ ઈન્ડિયા પાસેથી મેળવવાનું ઠર્યું.

(૩૬) તે પછી હું લંડન પરત થયો જ્યાં મારે ઓચિંતુ બાયપાસનું ઓપરેશન કરવાનું જરૂરી બન્યું, સદભાગ્યે એ ઓપરેશન સફળ નિવડ્યું. મહિનાઓ સુધી મેમોરેન્ડમ ઑફ અન્ડર સ્ટેન્ડિંગ સહી થઈને આવે તેની રાહ જોઈ. અંતે છ એક મહિના પછી તે સહી થઈને આવ્યું પણ તેમાં બે અગત્યના મુદ્દાઓની તેમણે બાદબાકી કરેલી તે મને મંજૂર ન રહી. એ

પ્રમાણેના મેમોરેન્ડમ ઑફ અન્ડર સ્ટેન્ડિંગને સ્વીકારવા હું તૈયાર ન હતો છતાં મેમોરેન્ડમ ઑફ અન્ડર સ્ટેન્ડિંગને કબૂલ્યા વિનાજ તેમને મારા ડેટા વાપરવાની મંજૂરી આપી. કારણકે ઉદ્દેશ તો ગુજરાતીભાષીઓની સેવા કરવાનો મારો ઉદ્દેશ હતો.

(૩૭) પણ મારી એ મંજૂરીનો કોઈ પ્રતિસાદ ડૉ. સિતાંશુ મહેતાએ આપ્યોજ નહિ પણ તેઓ રિટાયર્ડ થઇ ગયા. તે પછીના જે કોઇ નિષ્ણાતો તેમની જગ્યાએ આવ્યા તેમણે પણ ફક્ત મૌનજ સેવ્યું. મને થયું કે આટલો બધો સમયગાળો યુનિવર્સિટી કે સરકારી મંજૂરી મેળવવા માટે ફળવ્યો તે વેડફાયો. આમને આમ બેસી રહું તો મારી અઢાર વરસની મહેનત એળે જાય તે મને સ્વીકાર ન હતું. એટલે ફરીથી મારા ડેટાને એપલ મેક ઉપર તૈયાર થયેલા ડેટાને આઈ.બી.એમ./પી.સી.માં ફેરવી યુનિકોડમાં ગોઠવવા અંગેની મથામણમાં પડ્યો.

(૩૮) સપ્ટેમ્બર ૨૦૦૩માં શ્રી બાબુ સુથાર જેવો પેન્સિલવાનિયા યુનિવર્સિટીમાં પી.એચ.ડી. અંગેની તૈયારી કરતા હતા ત્યાંજ તેઓ ગુજરાતીના પ્રોફેસર તરીકે કામિયાબ હતા. તેમણે આ વ્યવસાય માટે એક ગુજરાતી ટુ ઈંગ્લિશ ડિક્શનરી તેમના વિદ્યાર્થીઓ માટે બનાવી તે અંગેના સમાચાર મને ટોરોન્ટો સ્થિત એક મિત્ર મારફતે મળ્યા. તેમણે તેમની ડિક્શનરી ઈન્ટરનેટ ઉપર મુકી હતી જે જોઇ હું ખરેખર પ્રભાવિત થયો કે મારા પહેલા એક ગુજરાતી નવયુવાને આ કાર્ય કર્યું અને મેં તેમનો સંપર્ક સાધ્યો આજ સુધીમાં ભાગ્યેજ ખાલી ગયો હોય કે અમારી બંને વચ્ચેના ઇ-મેઇલ દ્વારા વાર્તાલાપ ન થઇ હોય. ગુજરાતી ભાષાના નિષ્ણાતે મારા મનમાં અનેક શક્યતાઓ અંગેનું લક્ષ્ય કેન્દ્રીત કર્યું. તેમના સૂચનોને અમલમાં મૂકવાનું ઘણું મન થયું પણ તેમ કરવા જતા મારું કાર્ય ઠેલાય એની ચિંતા રહી છે પણ આ યુવાનના વિચારોનો ગુજરાતી સમાજે ક્યારેક તો અમલ કરવો પડશે. એમણે સૂચવેલા ઘણાં વિચારો માટે હું આભારી છું. તેમણે કરેલા કામનો ઉપયોગ કરવાની તેમણે મને છૂટ આપી છે તે હું યોગ્ય જગ્યાએ વાપરવાની કોશીશ કરીશ.

(૩૯) કૉમ્પ્યુટર ઉપર મારા ડેટાને લાવવા માટે આસંગ જવાબદાર હતા એટલે ફરીને તેમનું કાર્ય આગળ ધપાવવા મેં તેમને જાગૃત કર્યા તો તેમણે એક નવો મુદ્દો ઉપસ્થિત કર્યો અને તે એ કે સઘળા ડેટાને પહેલા 'જાવા'માં મુકવા અને તે પછી તેને યુનિકોડમાં બદલવા.'જાવા' અંગેનું તેમનું જ્ઞાન સંપૂર્ણ ન હતું એટલે અખતરો કરવા એક નવા કૉમ્પ્યુટર નિષ્ણાત હિમાંશું મિસ્ત્રીને રોકી તેમની મદદે મુક્યા ત્યાં તેઓ બન્નેએ ત્રણેક મહિનાની મહેનત કરી પણ જોયું તો પરિણામ મળતું ન હતું. તે અરસામાં આસંગે ત્રણેક મહિના માટે જાપાન જવાનું યોજ્યું. આ કામ બને તેટલી ત્વરાએ મારી હયાતીમાંજ પૂરું કરવાનો મે નિર્ધાર કર્યો એટલે નાછૂટકે મેં અમારી પોતાની કંપનીના નિષ્ણાતોને ત્રિવેન્દ્રમમાં તે કામ સોંપ્યું. દક્ષિણ હિન્દ સ્થાપિત અમારી ત્રિવેન્દ્રમની આ કંપનીના બારસો માણસોના સ્ટાફમાં ગુજરાતી વાંચી શકે અથવા તો લખી શકે તેવી કોઇ વ્યક્તિ તો ક્યાંથી હોય? તેથી હિમાંશુંને તેમના સ્ટાફ ઉપર લેવાની મેં વિનંતી કરી, તો તેઓ કહે કે કાકા અનુભવ વિનાના નવા માણસોને સામેલ કરવાનું શક્ય નથી, અંતે મારી વિનંતીનો અનાદર ન કરતાં હિમાંશુંને શિખાઉ તરીકે લેવાનું કબૂલ્યા અને તે ખૂબ સાનુકૂળ નિવડ્યું.

(૪૦) અમારી ત્રિવેન્દ્રમની કંપનીના નિષ્ણાતોએ મારા સઘળા ડેટાને 'જાવા' અને યુનિકોડમાં ફેરવી નમૂનારૂપે ઈન્ટરનેટ ઉપર મૂકયું તે જોઇ ખૂબ સંતોષની લાગણી અનુભવી. મારા મિત્રોને આ નમૂના જોઇ જવા વિનંતી કરી તો તેમાંની ત્રૂટીઓ વર્તાઇ આવી જેને ઠીક કરવામાં પણ સારો એવો સમય વ્યતિત થઇ રહ્યો છે.

(૪૧) ડેટા ટાઈપ કરતી વખતે થયેલી ક્ષતિઓનું પ્રુફરીડિંગ અને શબ્દાર્થ ભૂલો શોધવા માટે ગુજરાતી પ્રોફેસરોની તપાસ મુંબઇ, અમદાવાદ, સુરત, પુના અને લંડનમાં કરી પણ

ક્યાંયથી કોઈની મદદ મેળવી શક્યા નથી તેનો રંજ રહે છે. હવે ઘેર બેઠા જેટલું થઈ શકે તેટલું કરી રહ્યા છીએ.

(૪૨) જુદા જુદા સ્થળોએ અનેક નિષ્ણાતો તથા મારા સાથીદારો દ્વારા આ કામ પૂર ઝડપમાં ચાલી રહ્યું છે તે અરસામાં ફરીને બરોડા યુનિવર્સિટીના અધ્યક્ષ ડૉ. રામામોહન અને જિજ્ઞેશ ધોળકિયાએ જુની વાતને દોહરાવી ત્યારે જુના અનુભવોને ભૂલી જઈને નવેસરથી ફરીને મદદ કરવાની મારી તૈયારી મેં તેમને વ્યક્ત કરી પણ સરકાર તરફથી નાણા કે નવી સવલતો તેમને મંજૂર થતાં આ વાત હમણાં મુલતવી રખાઈ છે.

(૪૩) સ્પેલચેકરનું કામ હજુ બાકી રહી જતું હતું જે હાલમાં મેંગલોર સ્થિત તેના નિષ્ણાત કરી રહ્યા છે અને હવે ઉમીદ છે કે ૨૦૦૫ની શરૂઆતમાં આ સઘળું કામ આ તબક્કે પૂરું થઈ જશે અને નીચેની સવલતો જાહેરમાં મૂકાશે.

(૪૪) (૧) ગુજરાતી ટૂ ઈંગ્લિશ, (૨)ઈંગ્લિશ ટૂ ગુજરાતી, (૩) ગુજરાતી ટૂ ગુજરાતી, (૪) ગુજરાતી થિસોરસ, (૫) ગુજરાતી વિરુધ્ધ શબ્દો તથા (૬) ગુજરાતી સ્પેલ ચેકર ને લગતા લગભગ વીસેક લાખ શબ્દોનું ભંડોળ ડિજિટલાઈઝ્ડ થયું છે. ડિક્શનરિ સ્વરૂપે, અખતરાના ધોરણે, હાલમાં ઈન્ટરનેટ ઉપર મૂક્યું છે કે જે દ્વારા ગુજરાતી ભાષાના નિષ્ણાત સાક્ષરોનું તેમાં સુધારા વધારા કરવાનું માર્ગદર્શન મેળવી શકાય અને તે પ્રમાણેના માર્ગદર્શન મુજબ અમારા આ પ્રોજેક્ટમાં ફેરફાર કરી લેવાય. જગતભરના ગુજરાતીઓ તથા વિશ્વની દરેક યુનિવર્સિટિમાં તેનુ પ્રસારણ કરવાની અમારી ઉમીદ છે.

(૪૫) આ કામમાં અનેક સ્થળેથી માહિતી મેળવી છે જેમાં મુખ્ય આધાર રૂપે (૧) મહાત્મા ગાંધીજીનો ખિસ્સાકોશ, (૨) ગુજરાત વિદ્યાપીઠનો વિનીત જોડણીકોશ, (૩) ગુજરાત વિદ્યાપીઠનો સાર્થ જોડણીકોશ, (૪) કે. કા. શાસ્ત્રીનો બૃહદ્ ગુજરાતી કોશ, (૫) પાંડુરંગ ગણેશ દેશપાંડેનો ગુજરાતી-અંગ્રેજી કોશ, (૬) પી. જી. દેશપાંડેની યુનિવર્સલ ઈંગ્લિશ ટુ ગુજરાતી ડિક્શનરી, (૭) નરહરિ કે. ભટ્ટનો અંગ્રેજી ટુ ગુજરાતી વિનયન કોશ, (૮) ફોનેમિક એન્ડ મોર્ફેમિક ફ્રિકવન્સીસ ઓફ ધી ગુજરાતી લેંગ્વેજ, (૯) શાંતિલાલ શાહ (દામકાકર) વિરુદ્ધાર્થ શબ્દકોશ, (૧૦) ડૉ. ઈશ્વરલાલ ર. દવેનો થિસોરસનો સમાવેશ થયો છે.

(૪૬) હવે પછી બીજા અનેક ગ્રંથોમાંથી સામગ્રી આ કાર્યમાં ઉમેરવાની શક્યતા સંજોગોવશાત વિચારીશું.

(૪૭) આ કામમાં અનેક વ્યક્તિઓનો જેમ કે શ્રી પ્રેમ આસંગ (પુના), શ્રી ઈશ્વર વસા (લંડન), ડૉ. કુમારપાળ દેસાઈ (અમદાવાદ), શ્રી ગિરીશ જેસલપુરા (અમદાવાદ), શ્રી હર્ષદ પટેલ (મુંબઈ), શ્રી ધીરજ (જયેશ) પટેલ (મુંબઈ), કુ. ભાવના (મુંબઈ), શ્રી મનુભાઈ ભટ્ટ (મુંબઈ), કુ. માધવી (મુંબઈ), શ્રીમતી અંજલી (મુંબઈ), કુ. અલકા છેડા (મુંબઈ), કુ. મહેરુ સિધવા (લંડન), શ્રી વિપુલ મોતીવરસ (મુંબઈ), શ્રી હિમાંશુ મિસ્ત્રી (પુના), શ્રી રોહિત- (મેંગલોર) અને શ્રી બાબુ સુથાર (પેન્સિલવાનિયા) તથા અમારી ત્રિવેન્દ્રમની કંપની યુ. એસ. સોફ્ટવેરના ઉપાધ્યક્ષ નિષ્ણાતોનો સમાવેશ થાય છે.

(૪૮) આ તબક્કે પહોંચતા સુધીમાં અનેક વખતે હાંફી જવાનો અનુભવ થયો છે ત્યારે મારો હાથ ઝાલી આ હાંફમાંથી મને ઊભો કરવા અનેકનું નૈતિક પ્રોત્સાહન મળ્યું છે તેમાં ઉત્તમભાઈ ગજ્જર, બળવંત પટેલ, બાબુ સુથાર, ડૉ. નિશીથ ધ્રુવ, કુમાર માલદે, કિશોર રાવલ, ડૉ. દયાશંકર જોશી અને અનેકનું પિઠબળ સાંપડ્યું છે જેનો હું ઋણી છું.

(૪૯) એપ્રિલ ૨૦૦૫ના સમયગાળામાં આ સમસ્ત કાર્યને એક પ્રેસ કોન્ફરન્સ બોલાવી જાહેરમાં વહેતું મૂકવાનું નક્કી કર્યું. એ અંગે મુંબઈ અને અમદાવાદમાં નામાંકિત વ્યક્તિઓને આમંત્રી એક કોન્ફરન્સ મારફતે અગર ફક્ત પ્રેસ

કોન્ફરન્સ દ્વારા એ કાર્યને વહેતું મૂકવું. તેની ગડમથલમાં હતા ત્યારે ભાઈ વિપુલ કલ્યાણી અને મધુરાયે ઘણું પૂર્યું અને સઘળી તૈયારી કરતા હતા ત્યારે ઉપર ઉપરથી જોતા જણાયું કે ઈંગ્લીશ ટુ ગુજરાતી ડિક્શનરીમાં ઘણીબધી ક્ષતિઓ તેમાં ઊપસી આવી એટલે મન સહેજ કચવાતું હતું. આ ભૂલોને ચકાસી જવા અનેક નામાંકિત નિષ્ણાંતો સાથે વાર્તાલાપ ગોઠવ્યું પણ કોઈએ ચકાસણી કરી જવા તૈયાર થયા. તેજ અરસામાં અમારા નીતાબહેન ઉષાબેનને આ કામ જોવા લઈ આવ્યા. તેઓ એટલાબધાં પ્રભાવિત થયા કે તેમણેજ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રીમતી ધીરુબહેન પટેલને આ કાર્યને નીરખવા ખેંચી લાવ્યા. આ કામ જોઈને તેઓ ખૂબ પ્રભાવિત થયા અને કહ્યું કે આ કામ તો ગુજરાત સરકાર, ગુજરાત યુનિવર્સિટીઓ કે અમારા જેવી સાહિત્ય પરિષદનું કામ તમે કરી રહ્યા છો તેના ધન્યવાદ આપી મારે ત્યાં પાંચેક કલાક ગાળ્યા અને કહ્યું કે આ કામ તેઓ ગોઠવી આપશે. મારે ઘેરથી નીકળી તેઓ બારોબાર પ્રા. વિનોદ અધવર્યુને ત્યાં ગયા અને બે કલાક સુધી આ કાર્ય અંગેની ચર્ચા કરી સમાચાર મોકલાવ્યા કે આ કામ પાર પડશે. પછી તે અંગેની ચર્ચા કરવા વિનોદભાઈને ધીરુબહેનને ત્યાં મળવાનું બન્યું જ્યાં આ કામમાં પાંચથી સાત નિષ્ણાંતોને સાંકળી અમદાવાદમાં આ કામ શરૂ કરવું અને તે અંગેના ખર્ચનો અંદાજ તૈયાર કર્યો.

**ડિસેમ્બર ૨૦૦૪ના અંતકાળમાં ઉપરની નોંધો ટપકાવી છે**

---------------------------

**(નવો ઉમેરો કર્યો તા.૧/૮/૦૫)**

---------------------------

(૫૦) અમારે ત્યાં ડેટા બેંકમાં "ઈંગ્લીશ ટુ ગુજરાતી"કોશ માટે ગોઠવાયેલા શબ્દોમાંથી જે જે શબ્દોની ખરાપણાની ચકાસણી કરવાની અમને જરૂરત જણાઈ, તે શબ્દો જુદા તારવી, પ્રીન્ટ કરી, અમદાવાદ મોકલી આપ્યા; જ્યાં પાંચ સાક્ષરો (૧) વિનોદ અધવર્યુ - કૉલેજ આચાર્ય, (૨) કુલીનચંદ્ર યાજ્ઞિક - શિક્ષણ સચિવ, (૩) પ્રા. રસેન્દ્ર પંડ્યા - (ઑકસફર્ડ), (૪) ડૉ. બાબુલાલ મ. શાહ - એમ.એ.; પીએચ.ડી. (૫) ચંદુભાઈ એમ. શાહ - (ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારી)એ આ ભૂલોને સુધારવાનું તથા તેમાં સંશોધિત (અદ્યતન) અર્થો ઉમેરવાનું શરૂ કર્યું. જેમ જેમ તેઓ સુધારા-વધારા કરીને અમને તેમનું કામ પાછું મોકલતા ગયા, તેમ તેમ તે સઘળા સુધારા-વધારા, અમારા કાર્યકર ભાઈ જયેશ અને વિપુલે ઓરિજિનલ ડેટામાં તે પ્રમાણેના ફેરફારો ઉમેરવાનું શરૂ કર્યું. આ કામની ઝડપ વધારવા સદ્ભાગ્યે નીતાબહેને અમને છાયલબહેનને મેળવી આપ્યાં, જેમણે બીજાં એક વિકલાંગબહેન પૂર્વીબહેનને આ કામમાં ગોઠવી દીધાં. તે બન્ને બહેનોએ એકબીજાને સહારે એમને ઘરે જ એ કામ ચાલુ કર્યું. આ કામ અધવચ્ચે પહોંચ્યું એટલે અમને વિચાર સ્ફૂર્યો કે સળંગ ડિક્શનરી ચકાસી લઈએ તો એક નવો જ કોશ તૈયાર થઈ જાય, એટલે જે શબ્દો એક વખત ચકાસાયા હતા તે, અને બીજા કે જે ન ચકસાયા હોય તેને પણ ફરીથી ચકાસી જવાનું કામ શરૂ કર્યું. આ કામ પૂરી ઝડપે થઈ રહ્યું છે અને એકાદ મહિનામાં તે સઘળું કામ પાર પડ્યે તેને ઈન્ટરનેટ ઉપર મૂકીશું.

(૫૧) આ જ રીતે "વિરુદ્ધાર્થી " શબ્દોની ચકાસણી પણ સુરતમાં મિત્ર ઉત્તમ ગજ્જર સ્વેચ્છાએ કરી રહ્યા છે. તે પછી હવે બાકી, "ગુજરાતી ટુ ઈંગ્લીશ", "ગુજરાતી ટુ ગુજરાતી"કોશની ચકાસણી છાયલ અને પૂર્વી ડિક્શનરી સાથે સરખાવી, તેમાંની ટાઈપિંગ ક્ષતિઓ દૂર કરશે અને તે પછી અનુકૂળતાએ જરૂરત પ્રમાણે નિષ્ણાતો મારફતે તેની ચકાસણી અને સુધારા-વધારા કરાવવાની તૈયારી કરીશું.

(૫૨) અમારા બેંગલોર તથા પૂના સ્થિત નિષ્ણાતોએ સ્પેલચેકરનું સઘળું ટેકનિકલ કામ પૂરું કર્યુ છે; પણ ઈન્ટરનેટ ઉપર લઈ જતાં એકાદ બે નાની ક્ષતિ તરી આવી છે જેને હલ કરવા આ નિષ્ણાતો મહિનાઓથી અથાગ પરિશ્રમ કરી રહ્યા છે. તેઓ માને છે કે સફળતા હાથવેંત જ આઘી છે, છતાં તે હકીકત બની રહે તેની રાહ જોવી રહી. જો એમાં નિષ્ફળતા સાંપડશે તો આખો પ્રોગ્રામ ફરીથી ગોઠવવાનું થશે. પણ તે તો થઈને જ રહેશે.

(૫૩) વીસેક વરસ પહેલાં જ્યારે શરીર, શક્તિ અને મન, ગુજરાતીમાં કંઈક ઉમંગથી લખવા ઈચ્છતું, ત્યારે જોડણીની સમસ્યા પરેશાન કરતી હતી. તેમાંથી બચવા આ નુસખો શરૂ કર્યો અને એમ ઈચ્છ્યું હતું કે તેનો ભરપૂર ઉપયોગ કરી મારા વિચારોને ભવિષ્યે વાચા આપીશ. પણ બનવાકાળ કંઈક બીજું જ બને છે. ઘણા સંઘર્ષને અંતે હવે જ્યારે એ બધી સવલતો ઉપલબ્ધ થઈ છે ત્યારે, આજે શરીર ઘરડું થયું છે અને મન થાક્યું છે અને બધા વિચારો ગાયબ થયા છે. છતાં પણ આજે ક્યારેક કંઈ લખવાની ઈચ્છા થાય ત્યારે આ પ્રોગ્રામો કોમ્પ્યુટર ઉપર ખુલ્લા રાખી જ્યારે જરૂર પડે ત્યારે શબ્દો તેમાંથી શોધી, મારું કામ સરળતાથી પાર પાડું છું. ઑસ્ટ્રેલિયા જેવા દૂરના ઉપખંડમાં બેઠે બેઠે, ગાંઠનાં ગોપીચંદન કરી, “માતૃભાષા” નામક રૂપકડા ગુજરાતી સામયિકનું સંપાદન અને પ્રકાશન કરનાર એકલવીર ભાઈ પ્રવીણ વાઘાણીનો આજે (તા. ૩ ઑગસ્ટ ૨૦૦૫) ઈ-મેઈલ મળ્યો કે, એમને “સાર્થ જોડણીકોશ”માંથી ‘અભિયાન’ શબ્દનો અર્થ જડતો નથી ! કોઈ મદદ કરશો? બસ, આવા જિજ્ઞાસુ ભાષાભક્તોને મારો આ પ્રોગ્રામ ખપમાં આવશે તો માનીશ કે મારી જિંદગીનો ૧૭ વર્ષનો આ પુરુષાર્થ એળે નથી ગયો. એ જ એનું વળતર!!

(૫૪) હવે ઈચ્છું છું કે આજ પદ્ધતિથી મારા આ પ્રયાસનો ઉપયોગ લેખકોને મદદરૂપ થશે.

(૫૫) આ એક જબરદસ્ત પ્રોગ્રામ અમે હાથ ધર્યો. આ પ્રોગ્રામના , એટલે કે ભાષા વિષયક આવા કામના અમે નિષ્ણાત નથી. તેથી તેમાં ત્રુટિઓ-ક્ષતિઓ હોવાનો પૂરો સંભવ છે. આ પ્રોગ્રામ વાપરનારાઓને અમારી વિનંતી છે કે, આવી ત્રુટિઓ અંગે અમારુ લક્ષ્ય જો તેઓ દોરશે તો તેને સુધારી લેવાની બાંહેધરી આપીએ છીએ.

(૫૬) ગુજરાતી ભાષાની સેવામાં તો અમારું આ પહેલું પગથિયું છે અને ભાષા-સુધારનો તો કોઈ અંત જ નથી. અવિરત વહેતી એ નદી છે. એટલે આ કાર્ય આગળ ધપાવવા, નિષ્ણાતોના સાથ-સહકાર માટે અમારી ટહેલ છે. જો આ અંગે તજ્જ્ઞોની સહાય અમને સાંપડશે તો આ કામ ચાલુ જ રાખવાનો અમારો મનસૂબો છે.

મુંબઈ, તા. ૧.૮.૨૦૦૫

## (નવો ઉમેરો તા.૧/૧૦/૦૫ ના કર્યો )

ગયા અઠવાડિયે ત્રણ તરવરતા જુવાનો અશોક, નિરવ અને વૈશાલી કંઈક આવુંજ કામ કરી રહ્યા છે તેની ભાળ થઈ એટલે તરતજ તેમનો સંપર્ક સાધ્યો. કોઈએ નથી કર્યું તેવું કામ તેમણે અને તેમની સંગાથના અનેક પચ્ચીસ વરસની આસપાસના નવજુવાનોએ કર્યું છે. તેમણે કૉમ્પ્યુટરની આખી ઓપરેટિંગ સિસ્ટમ જ ગુજરાતીમાં બનાવી એક સીમાચિહ્ન પગલું ભર્યું છે. હવે અમારા અને તેમના કામનો અરસપરસ સહયોગ ગોઠવાયો છે.

આ સાથે સ્પેલચેકર પણ, અનેક વરસોના અખતરા પછી હવે સંપૂર્ણ થયું છે. આમ એક પછી એક ચોગઠા સારી રીતે ગોઠવાતા થયા તેનો મને અનહદ આનંદ છે.